GJGS020030152023

Presented on : 18-08-2023
Registered on : 18-08-2023
Decided on : 10-04-2026
Duration : 23D-07M-02Y

**IN THE COURT OF**
**4th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
**AT,VERAVAL GIR SOMNATH (Presided Over by H.J. VASAVADA)**

**CC/2001/2023**
**Exhibit No.55**

**FORM - A**

ચોથા એડીશનલ સીનીયર સિવીલ જજ અને એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, એચ.જે.વસાવડા સાહેબની કોર્ટ, ગીર સોમનાથ(વેરાવળ)
મુકામ – વેરાવળ.
ચુકાદાની તારીખ :– ૧૦/૦૪/૨૦૨૬
ક્રિમીનલ કેસ નં. ૨૦૦૧/૨૦૨૩

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષે વકીલશ્રી | જે.એસ.પરમાર |
| આરોપી | (૧) રાજાભાઇ વેજાભાઇ કરમટા જાતે રબારી,ઉ.વ.૫૦, રહે. સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ.<br>(૨) હીતેશભાઇ રાજાભાઇ કરમટા જાતે રબારી, ઉ.વ.૨૯, ધંધો– પ્રા.નોકરી, રહે. સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ.<br>(૩) હરેશભાઇ ભગવાનભાઇ કરમટા જાતે રબારી, ઉ.વ.૨૭, ધંધો– વેપાર, રહે. સીડોકર ગામ, મોમાઇ ડેરીની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ.<br>(૪) લીલીબેન વા/ઓ. રાજાભાઇ વેજાભાઇ કરમટા જાતે રબારી, ઉ.વ.૪૮, ધંધો– ઘરકામ, રહે સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ. |
| આરોપીઓ તરફે વિ.વકીલશ્રી | એ.બી.થાનકી |

**FORM - B**

| | |
|---|---|
| બનાવની તારીખ | ૦૪/૦૫/૨૦૨૩ |
| એફ.આઇ.આર. તારીખ | ૦૪/૦૫/૨૦૨૩ |
| ચાર્જશીટ કર્યા તા. | ૧૮/૦૮/૨૦૨૩ |
| ચાર્જફ્રેમ કર્યા તા. | ૨૯/૦૯/૨૦૨૩ |
| પુરાવો ચાલુ થયા તા. | ૨૯/૦૯/૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યા તા. | ૦૪/૦૪/૨૦૨૬ |
| ચુકાદા તા. | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તા. | – |

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરનવાન /નિર્દોષ | સજા | સી.આર.પી.સી. કલમ – ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | (૧) રાજાભાઇ વેજાભાઇ કરમટા જાતે રબારી,ઉ.વ.૫૦, રહે. સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ. (૨) હીતેશભાઇ રાજાભાઇ કરમટા જાતે રબારી, ઉ.વ.૨૯, ધંધો–પ્રા.નોકરી, રહે. સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ. (૩) હરેશભાઇ ભગવાનભાઇ કરમટા જાતે રબારી, ઉ.વ.૨૭, ધંધો–વેપાર, રહે. સીડોકર ગામ, મોમાઇ ડેરીની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ. (૪) લીલીબેન વા/ઓ. રાજાભાઇ વેજાભાઇ કરમટા જાતે રબારી, ઉ.વ.૪૮, ધંધો–ઘરકામ, રહે સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, | | | આઇ.પી.સી.કલમ–૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ | **નિર્દોષ** | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | તા.વેરાવળ જી.ગીરસોમનાથ. | | | | | | |

**FORM – C**

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ**

| ક્રમ | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| P.W.૧. | ૧૧ | સાજણબેન લાખાભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી |
| P.W.૨. | ૨૧ | કરશનભાઇ દેવાભાઇ ચાપડાની સોગંદ ઉપરની જુબાની | પંચ સાહેદ |
| P.W.૩. | ૨૩ | સરમણભાઇ લખમણભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | પંચ સાહેદ |
| P.W.૪. | ૨૫ | માનસીંગભાઇ ભગાભાઇ ડોડીયાની સોગંદ ઉપરની જુબાની | પંચ સાહેદ |
| P.W.૫ | ૨૭ | લાખાભાઇ કાનાભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| P.W.૬ | ૨૮ | જાદવભાઇ લાખાભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| P.W.૭ | ૨૯ | દાસાભાઇ લાખાભાઇ કરમટાની સોગંદ ઉપરનીજ બુાની | સાહેદ |
| P.W.૮ | ૩૨ | કાળાભાઇ કાનાભાઇ ચોપડાની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| P.W.૯ | ૩૩ | જગદીશભાઇ હમીરભાઇ મકવાણાની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| P.W.૧૦ | ૪૧ | ડો.નીરવ વ્રજલાલ વૈશ્નાણીની સોગંદ ઉપરની જુબાની | ડોકટર સાહેદ |
| P.W.૧૧ | ૪૮ | લખમણભાઇ માલાભાઇ નાગસની સોગંદ ઉપરની સોગંદ ઉપરની જુબાની | પોલીસ સાહેદ ત.ક.અ. |

**<u>બી. બચાવપક્ષે સાહેદ લીસ્ટ</u>**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**<u>સી. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ</u>**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ પક્ષે આંક :**

**<u>એ./ફરીયાદપક્ષે આંક :</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | અસલ ફરીયાદ |
| ૨. | ૨૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૨૪ | અટક પંચનામાની ખરીનકલ |
| ૪. | ૪૨ | ઓ.પી.ડી.કેસ નં. ૪૫૯૨૧ |
| ૫. | ૪૩ | એમ.એલ.સી.કેસ નં. ૪૨૧/૨૩ |
| ૬. | ૪૯ | ડીઓ નં. ૨૧૦/૨૩ અસલ |
| ૭. | ૫૦ | તપાસનો હુકમ |

| | | |
|---|---|---|
| ૮. | ૫૧ | એફ.આઇ.આર. |
| ૯. | ૫૨ | જાહેરનામાની ખરીનકલ |

બી. બચાવપક્ષે આંક :

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

સી. કોર્ટ પક્ષે આંક :

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

કબજે કરેલ મુદામાલ :

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

**Offence punishable under : 323, 506(2),114 of INDIAN PENAL CODE, 135 of GUJARAT (BOMBAY) POLICE ACT, 1951**

## :– ચુકાદો –:

## (૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–

આ કામના આરોપીઓ ઉપર આઇ.પી.સી.કલમ–૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ છે. ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૦૪/૦૫/૨૦૨૩ ના કલાક ૧૬:૦૦ વાગ્યાની આસપાસ ફરીયાદીના ઘરના નળીયા ઉતારતા હોય જેથી ફરી.એ ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ આરોપી નં. ૨ પાસે રહેલ લાકડી ફરી.ને જમણા હાથના કાંડા ઉપર મારી તથા આરોપી નં. ૩ પાસે રહેલ લાકડી ફરી.ને કપાળના ભાગે જમણી આંખ ઉપર મારી ઈજા કરી તેમજ સાહેદ નં. ૬ વચ્ચે પડતા આરોપી નં. ૧ નાએ સાહેદ નં. ૬ ની ગળકીચે ચોટી જઇ આરોપી નં.૧ થી ૪ નાઓએ ફરી.ને શરીરે ઢીકાપાટુંનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી.સા.ગીરસોમનાથના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાએ મદદગારી કરી આરોપીઓએ આઇ.પી.સી.કલમ–૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

## ( ૨ ). પોલીસ કાર્યવાહી :–

હાલના કામે ફરીયાદીએ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં આઇ.પી.સી.કલમ–૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫

મુજબની ફરીયાદ નોંધાવતા તે આધારે પી.એસ.ઓ. દ્વારા ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૪૨૩૦૨૧૯/૨૦૨૩, તા. ૦૪/૦૫/૨૦૨૩ ના રોજ ગુન્હો નોંધવામાં આવેલ અને સદર, ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવતા તેઓએ આરોપીઓને તા. ૦૫/૦૫/૨૦૨૩ ના કલાક ૧૩:૩૦ વાગ્યે નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ મુજબ અટક ન કરી આર.પી.સી.કલમ-૪૧(૧) મુજબની નોટીસ આપી સમજ કરવામાં આવેલ. ત્યારબાદ જરૂરી પંચનામા કરી લાગતાવળગતા સાહેદોના જવાબો લઈ આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં તા. ૧૮/૦૮/૨૦૨૩ ના રોજ ક્રિ.પ્રો.કોડની કલમ- ૧૭૩ અન્વયે ચાર્જશીટ રજુ કરેલ છે.

## ( ૩ ). કોર્ટ કાર્યવાહી :-

ચાર્જશીટ દાખલ થયા બાદ આ કામના આરોપીઓ વિરૂદ્ધ ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આ કામના આરોપીઓ વિરૂદ્ધનો સમન્સ આરોપીઓને બજતા આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યુ પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ સામે આંક - ૦૪ થી તહોમતનામું ઘડવામાં આવેલ અને આંક – ૦૫ થી આંક – ૦૮ સુધીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરતા તેની સામે હાલના કેસની કાર્યવાહી આગળ શરૂ કરવામાં આવેલ.

**(૪).** સદર કેસના કામે ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ તહોમત પુરવાર કરવા માટે નીચુ મજુબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

### -:: મૌખિક પુરાવાઓ::-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ-સાજણબેન લાખાભાઈ કરમટાની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૨. | પંચ સાહેદ- કરશનભાઈ દેવાભાઈ ચાપડાની સોગંદ ઉપરની | ૨૧ |

| | | |
|---|---|---|
| | જુબાની | |
| ૩. | પંચ સાહેદ–સરમણભાઇ લખમણભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | ૨૩ |
| ૪. | પંચ સાહેદ–માનસીંગભાઇ ભગાભાઇ ડોડીયાની સોગંદ ઉપરની જુબાની | ૨૫ |
| ૫. | સાહેદ – લાખાભાઇ કાનાભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | ૨૭ |
| ૬. | સાહેદ – જાદવભાઇ લાખાભાઇ કરમટાની સોગંદ ઉપરની જુબાની | ૨૮ |
| ૭. | સાહેદ – દાસાભાઇ લાખાભાઇ કરમટાની સોગંદ ઉપરનીજ બુાની | ૨૯ |
| ૮. | સાહેદ – કાળાભાઇ કાનાભાઇ ચોપડાની સોગંદ ઉપરની જુબાની | ૩૨ |
| ૯. | સાહેદ – જગદીશભાઇ હમીરભાઇ મકવાણાની સોગંદ ઉપરની જુબાની | ૩૩ |
| ૧૦. | ડોકટર સાહેદ – ડો.નીરવ વ્રજલાલ વૈશ્નાણીની સોગંદ ઉપરની જુબાની | ૪૧ |
| ૧૧. | પોલીસ સાહેદ ત.ક.અ.– લખમણભાઇ માલાભાઇ નાગસની સોગંદ ઉપરની સોગંદ ઉપરની જુબાની | ૪૮ |

**–:: દસ્તાવેજી પુરાવાઓ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૧૨ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૩. | અટક પંચનામાની ખરીનકલ | ૨૪ |
| ૪. | ઓ.પી.ડી.કેસ નં. ૪૫૯૨૧ | ૪૨ |
| ૫. | એમ.એલ.સી.કેસ નં. ૪૨૧/૨૩ | ૪૩ |
| ૬. | ડીઓ નં. ૨૧૦/૨૩ અસલ | ૪૯ |
| ૭. | તપાસનો હુકમ | ૫૦ |
| ૮. | એફ.આઇ.આર. | ૫૧ |
| ૯. | જાહેરનામાની ખરીનકલ | ૫૨ |

(૫). ફરીયાદપક્ષે આ સિવાય કોઇ વિશેષ મૌખિક પુરાવો રજુ કરેલ નથી, ફરીયાદપક્ષે મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ હાલનું કામ આરોપીઓના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ છે.

(૬). ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા જોતા આરોપીઓને ગુન્હામાં સાંકળતો પુરાવો રજુ થયેલ હોય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં ફરીયાદપક્ષે

રજુ થયેલ પુરાવા અન્વયે પ્રશ્નો પુછતા તેનો જવાબ નકારમાં આપી વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ અને અમારી સામે ખોટો કેસ કરેલ છે તથા ત્યારબાદ હાલનુ કામ દલીલ માટે રાખવામા આવેલ છે.

(૭). સદરહું કેસમાં ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ લેખિત પુરાવો ધ્યાને લેતા આરોપી સામેના ગુન્હાના તહોમતના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૦૪/૦૫/૨૦૨૩ ના કલાક ૧૬:૦૦ વાગ્યાની આસપાસ ફરીયાદીના ઘરના નળીયા ઉતારતા હોય જેથી ફરી.એ ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ આરોપી નં. ૨ પાસે રહેલ લાકડી ફરી.ને જમણા હાથના કાંડા ઉપર મારી તથા આરોપી નં. ૩ પાસે રહેલ લાકડી ફરી.ને કપાળના ભાગે જમણી આંખ ઉપર મારી ઈજા કરી તેમજ સાહેદ નં. ૬ વચ્ચે પડતા આરોપી નં. ૧ નાએ સાહેદ નં. ૬ ની ગળકીચે ચોટી જઇ આરોપી નં.૧ થી ૪ નાઓએ ફરી.ને શરીરે ઢીકાપાટુંનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી.સા.ગીરસોમનાથના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાએ મદદગારી કરી આરોપીઓએ આઇ.પી.સી.કલમ– ૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨: શું હુકમ ?

(૮). ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧: ''નકારમાં''

૨: આખરી હુકમ મુજબ.

(૯). ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી

જે.એસ.પરમારનાઓએ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે,આ કામે ફરીયાદપક્ષે ફરીયાદ મુજબનો પુરાવો રજુ કરેલ છે.ફરીયાદપક્ષે નિ:શંકપણે પોતાનો કેસ પુરવાર કરેલ છે. આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ છે.

**(૯.૧)** જયારે આરોપીઓ તરેફે વિ.વકીલશ્રીઓએ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષે હકીકત પુરવાર કરેલ નથી. આરોપીઓ નિર્દોષ છે. આરોપીઓએ ફરીયાદ મુજબનો કોઇ ગુન્હો કરેલ નથી કે આવો કોઇ બનાવ બનેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

**(૧૦). -:: નિર્ણય માટેના કારણો ::-**

**(૧૦.૧).** ઉપરોકત રજુ થયેલ પુરાવો નજર સમક્ષ રાખી કેસમાં રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો,આંક - ૧૧ થી ફરીયાદી સાજણબેન લાખાભાઇ કરમટાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ચાલુ વર્ષના વૈશાખ મહીનામાં બનેલો. બનાવ ચાર વાગ્યે સીડોકર ગામની બજારમાં બનેલો. બનાવ વખતે તેણી પોતાના ઘરે હતી ત્યારે તેઓના મકાન ઉપરથી નળીયા ઉતારવા માટે હરેશ ભગવાન મકાન ઉપર ચડેલો અને બજારમાં નળીયા ઉડાડતો હતો. જેથી તેઓ અવાજ આવતા બહાર જોવા માટે નીકળેલી અને જોયુ તે હરેશભાઈ ભગવાનભાઈના ઘરે રાજાભાઈ વેજાભાઈ, હિતેશભાઈ રાજાભાઈ, લીલીબેન રાજાભાઈ બેઠેલ હતા. તેઓના પર પાસેથી નીકળતા હરેશ ભગવાને તેણીને કહેલ કે “થઈ ગ્યુને બધુ રેડી". ત્યારબાદ હરેશ ભગવાન, રાજાભાઈ વેજાભાઈ, નાજા હિતેશ અને લીલીબેને તેણીને લાકડીથી માર મારેલ. બનાવ સમયે હરેશભાઈ અને હિતેશભાઈ રાજાભાઈના હાથમાં લાકડી હતી. જેના વડે તેણીને કપાળમાં મારેલું. તેણીને કપાળમાં ઈજા થતા તમ્મર ચડી ગયેલી. ત્યારે તેણીના ઘરમાં તેણીના ઘરવાળા હાજર હોય તેઓ દોડીને આવતા આરોપી - રાજા વેજા તેણીના ઘરવાળાને ગળે(ગરદને) ચોટી ગયેલ અને કહેલ કે તને મારી નાખવો છે અને ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ત્યારબાદ હિતેશ રાજા તેણીના ઘરવાળાને ગળે (ગરદને) ચોટી ગયેલા. બનાવ સમયે તેણીના પતિને ગરદનના સ્નાયુનુ ઓપરેશન કરેલુ હોય જેથી તેઓ બનાવ

સમયે બીમાર હતા. આરોપીએ તેણીને માર મારતા તેણીને તમ્મર ચડી જતા તેણી નીચે બેસી ગયેલ અને ત્યારબાદ ત્યા ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. આરોપીઓ શું બોલેલ હોય તેની તેણીને ખબર નથી. બનાવ બાદ ૧૦૮ માં તેણીનો દિકરો તેણીને સારવાર માટે દવાખાને લઈ ગયેલ. તેણીની સારવાર દરમિયાન ડોકટર સાહેબે તેણીને બનાવ સબંધે કાઈ પુછેલુ હોય કે કેમ તે તેણીને ખબર નથી. બનાવ સમયે તેણીનો દિકરો તેણી સાથે હતો અને બનાવની ફરીયાદ તેણીએ આપેલ હોવાનું જણાવી તેણીને તા. ૪/૦૫/૨૦૨૩ ની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા પોતાના અંગુઠાનું નિશાન હોવાનું જણાવી ઓળખી બતાવી આંક – ૧૨ થી રજુ કરેલ છે.બનાવના દિવસે જ પોલીસે તેણીની હાજરીમાં લખાણ કરેલુ. આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવી આરોપી નં.૧ થી ૩ નામ. કોર્ટમાં હાજર હોવાનું જણાવેલ છે. તેણીની ઉંમર હાલ ૬૫ વર્ષની હોય અને તેણીને બંને આંખોમાં મોતીયા હોય તેણીને હાલ મુદામાલ બતાવવામાં આવે તો તેણી જોયેથી ઓળખી શકે નહી તેમ જણાવેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેણીના કુટુંબના હોય અને બાજુમાં જ રહેતા હોય આરોપીઓને પહેલેથી જ ઓળખે છે, તેણીના મકાનની ઉગમણે જાહેર રસ્તો છે,આથમણે હીતેશનુ મકાન આવેલુ છે., ડુંગરવી બાજુ હરેશનુ મકાન આવેલ છે, તેણીનું મકાન બજારમાં આવેલ છે, આજુબાજુમા દેવા મૈયા,ભાયા નાજા અને વેજા મૈયાના મકાનો આવેલા છે,આ સીવાય આજુબાજુ લગોલગ ઘણાબધા રબારીઓના મકાન આવેલા છે, તેણીને આરોપીઓ સાથે ઝગડો નેવાના પાણી પડેલ તે બાબતે થયેલ, તેણીના મકાનના નેવાના પાણી આરોપીઓના ઘર પાસે પડતા હતા. તેણીને એ વાતની ખબર નથી કે તેણીની વચ્ચે બબાલ થતા ઘણા બધા માણસો ભેગા થઈ ગયા હતા. આ ખબર નહી પડવાનુ કારણ એવુ છે કે આપણે માણસ જોવા તો ના રહીએ ને. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે ઘણાબધા માણસો ભેગા થઈ ગયા હતા. આ ભેગ થઈ ગયેલા માણસો ત્યાં આજુબાજુમા રહેતા લોકો કે પસાર થતા લોકો હતા કે કેમ તે તેણીને એક આંખનુ મોતીયાનુ ઓપરેશન કરાવેલ હોય તેથી ખ્યાલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને

મોતીયાનુ ઓપરેશન કરાવેલ હોય તેથી તેણીને બરાબર દેખાતુ ન હતુ, બનાવ બનતા તેણીને તમ્મર ચડી ગયેલી અને તેણી બેસી ગઇ હતી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણીને તમ્મર ચડી ગઇ હતી તેથી ત્યારબાદ તેણીને કાઇ ખબર નથી. તેણીએ પોતાની સરતપાસમા જણાવેલ હકીકત હીતેશ રાજા તેણીના ઘરવાળાને ગળે ચોટી ગયેલા અને બનાવ સમયે તેણીના પતિએ ગરદનના સ્નાયુનો ઓપરેશન કરેલ હોય તેવી હકકીત તેણીએ પોતાની ફરીયાદમા લખાવેલ છે. એ હકીકતો સ્વીકાર કરેલ છે કે, તેણીએ પોતાની ફરીયાદમા અને જોયુ તે હરેશભાઈ ભગવાનભાઈના ઘરે રાજાભાઈ વેજાભાઇ, હીતેશભાઈ રાજાભાઈ, લીલીબેન રાજાભાઈ બેઠેલ હતા અને તેઓના ઘર પાસેથી નીકળતા હરેશ ભગવાને તેણીને એવુ કહેલ કે "થઈ ગયુને બધુ રેડી" તેવી હકીકત લખાવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેણીાન મકાનના નેવાના પાણી આરોપીઓના ઘર પાસે પડતા હતા અને આરોપીઓએ બંધ કરાવવાનું કહેતા તે બાબતે બનાવ બનેલ. તે પછી નેવાના પાણી તેણીએ બંધ કરેલા નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે આ નેવા આરોપીઓએ ઉડાડી દીધા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીના નેવાનો ઝગડો બાપદાદાના વખતથી હાલતો આવે છે અને અંદરોઅંદર કૌટુંબીક મનદુખો ચાલે છે. તેણીને એ વાતની તેણીને ખબર નથી કે આરોપીઓ ઘણા લાંબા સમયથી આ નેવાના પાણી દુર કરવા જણાવતા હોય પણ તેણી કરતા નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આ મનદુખ ને કારણે તેણીને ક્યારેય મનદુખ ન હતુ. ફરીયાદ કરવા પોલીસ સ્ટેશને પાચમા મહીના ની ચોથી તારીખે ગયા હતા. કયા પોલીસ સ્ટેશને ગયા તે તેણી ભણેલ ન હોય તેણીને ખબર નથી. પોલીસ થાણામાં તેણીની સાથે તેણીનો દીકરો હતો. પોલીસ સ્ટેશનમા ગયા બાદ તેણીને થોડુક સારુ લાગતા ફરીયાદ તેણીએ લખાવેલી. તેણીને પોલીસ સ્ટેશને સારુ થતા અડધો કલાક જેટલો સમય લાગેલ. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણીએ લખાવ્યો તેવો કોઇ બનાવ બનેલ જ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે હરેશ ભગવાનના ઘરે રાજાભાઈ વેજાભાઈ, હીતેશભાઇ રાજાભાઇ, લીલીબેન રાજાભાઈનાઓએ તેણીને માર મારેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હરેશભાઇ અને હીતેશભાઇ રાજાભાઇના હાથમાં લાકડી હતી જેના વડે તેણીને કપાળમાં માર

મારેલ તેવી હકીકત ખોટી જણાવેલ છે, આરોપી રાજાભાઈ વેજાભાઈ તેણીના ઘરવાળાના ગળે ચોટી ગયેલ અને કહેલ કે,તને મારી નાખવો છે તેવી હકીકત ખોટી જણાવેલ છે, હીતેશભાઇ રાજાભાઇએ તેણીના ઘરવાળાના ગળે ચોટી ગયેલાની હકીકત ખોટી જણાવેલ છે, બનાવ સમયે તેણીના પતિને ગરદનના સ્નાયુનુ ઓપરેશન કરેલ હોય જેથી બનાવ સમયે બીમાર હોવાની હકીકત ખોટી જણાવે છે,આરોપીઓએ તેણીને માર મારતા તમ્મર ચડી જતા તેણી નીચે બેસી ગયેલ તેવી હકીકત તેણી ખોટી જણાવેલ છે. આ સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૦૨).** પંચ સાહેદ કરશનભાઇ દેવાભાઈ ચાપડાએ આંક – ૨૧ થી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આઠ ધોરણ સુધી ભણેલ છે અને તેઓને સહી કરતા આવતા હોવાનું જણાવી તા. ૫/૫/૨૦૨૩ નુ કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ સુધીના અસલ ઉપરથી ખરી નકલવાળા પંચનામું બતાવવામાં આવતા છે જેમા પંચ નં. ૨ તરીકે પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવી આંક – ૨૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ કરી તેમા પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેઓને આંક ૨૨ વાળા પંચનામાની વિગતે જે તેઓએ સહી કરેલી તે સીડોકર ગામે લાખાભાઈ કાનાભાઈ કરમટાના ઘરે કરેલી. પંચનામા વખતે તેઓ ત્યાં હાજર હતા જેથી તેઓએ સહી કરેલી અને ત્યાં તેઓની સાથે નાજાભાઈ સીદીભાઈ ચાવડા ત્યાં હાજર હતા. આ પંચનામુ રાજાભાઈ વેજાભાઈ કરમટા અને લાખાભાઈ કાનાભાઈ કરમટા વચ્ચે આજુબાજુમા રહેતા હોય અને માથાકુટ થયેલી હોય તે બાબતેનુ પંચનામુ હતુ. બનાવવાળી જગ્યાએ આજુબાજુમા ભગવાનભાઈ ટપુભાઇ, લખમણભાઈ ટપુભાઈના રહેણાક મકાન આવેલા હોવાનું જણાવેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ કોઈ નોંધ કરાવી હોય અને પોલીસે નોંધ કરેલી હોય તેવુ કઇ બનેલુ નથી,પોલીસે પંચનામું લખીને તેઓને સહી કરવાનું કહેતા તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી છે.

**(૧૦ ૩).** પંચ સાહેદ સરમણભાઈ લખમણભાઈ કરમટાએ આંક – ૨૩ થી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓ ધોરણ નવ સુધી ભણેલ હોવાનું તેઓને સહી કરતા આવડતી હોવાનું જણાવેલ છે. તેઓને પોતાની સહી બતાવવામાં આવે તો તેઓ જોયથી ઓળખી શકે તેમ જણાવી તા. ૦૫/૦૫/૨૦૨૩ ના ક. ૧૩:૦૦ થી ૧૩:૩૦ સુધીના પંચનામાની ખરીનકલમાં પોતાની પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક – ૨૪ થી રજુ કરેલ છે. તેઓએ આંક –૨૪ વાળા પંચનામાની વિગતે જે સહી કરેલી તે પાટણ પોલીસ ચોકીમાં કરેલી. તેઓએ જેમા સહી કરેલી તે લખાણ તેઓએ વાંચેલુ નહી. પંચનામા બાબતે સહી કર્યા સિવાય બીજું તેઓ કઇ જાણતા નથી. પોલીસે તેઓની હાજરીમાં કોઇ આરોપીઓની અટક કરી કોઇ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવેલ છે. સદરહું પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજું કઇ જાણતા નથી.

**(૧૦. ૪).** જયારે આંક – ૨૫ થી રજુ થયેલ પંચ સાહેદે માનસીંગભાઇ ભગાભાઇ ડોડીયાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક – ૨૪ વાળા પંચનામામા પોતાની પંચ નં. ૧ તરીકે સહી ઓળખી બતાવી સહી પાટણ પોલીસ ચોકીમાં કરેલ હોવાનું જણાવી આરોપીઓ તેઓના જાણીતા હોય તેમના કહેવાથી તેઓએ સહી કરેલ, આરોપીઓની વિરૂદ્ધ કોઇ ફરીયાદ થયેલી હોય અને આરોપીઓ પોલીસ સ્ટેશનમાં હોય અને ત્યાંથી તેઓને ફોન કરતા તેઓએ સહી કરેલી. આ સિવાય બીજું તેઓ કઇ જાણતા ન હોવાનું, પોલીસે તેઓની હાજરીમાં કોઇ આરોપીઓની અટક કરી કોઇ મુદામાલ કબજે કરેલ ન હોવાનું જણાવેલ છે. સદરહું પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજું કઇ

જાણતા નથી.

**(૧૦.૫).** જયારે આંક – ૨૭ થી સાહેદ લાખાભાઇ કાનાભાઇ કરમટાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અભણ છે બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા સીડીકર ગામની બજારમાં તેઓના રહેણાક મકાનની સામે બપોર પછી બનેલો. બનાવ સમયે તેઓ પોતાના ઘરમા બેઠા હતા ત્યારે નળીયાની ફટાફટી થતા તેઓના ઘરના બહાર જોવા ગયેલા. તે વખતે રાજાભાઈ વેજાભાઈ, હીતેષભાઈ રાજાભાઈ, હરેશભાઈ ભગવાનભાઈ, લીલીબેન રાજાભાઈ ત્યા હાજર હતા. તે વખતે આ લોકોએ તેઓના પત્ની સાજણબેન ઉપર આરોપીઓએ લાકડીથી હુમલો કરેલો. પછી દેકારો થતા તેઓ જોવા ગયેલો તે વખતે આરોપી રાજાભાઈ વેજાભાઈ તેઓની ડોકીએ ચોટી ગયેલો. બનાવ સમયે તેઓનું કરોડરજજુનુ ઓપરેશન કરેલું અને તે આરોપી જાણતો હોય તેમ છતા તેઓ ઉપર જીવલેણ હુમલો કરેલ. બનાવ સમયે આરોપીઓ શું બોલેલ તે તેઓને યાદ ન હોવાનું જણાવેલ છે. બનાવ બાદ તેઓની પત્નીને ઈજા થતા તેઓની મોટો દીકરો દાસાભાઈ ૧૦૮ મારફત દવાખાને લઈ ગયેલો. બનાવની પોલીસ ફરીયાદ તેઓની પત્નીએ આપેલી, પોલીસે તેઓનું નીવેદન લીધેલુ. બનાવ તેઓએ નજરે જોયેલ. તમો આરોપીઓ પૈકી તમો આરોપીને તેઓ ઓળખતા હોવાનું જણાવી આરોપી નં. ૧ તથા ૩ હાજર હોવાનું જણાવેલ છે. સદરહું સાહેદે વધુમાં એ.પી.પી.શ્રી તરફે કરવામાં આવેલ સરતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ત્યાં હાજર આરોપીઓએ તેઓને કહેલ કે આજે તો તમે બચી ગયા હવે પછી હાથમાં આવશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને તેઓ એક જ લોહીના સગા છે, તેથી તેઓ આરોપીઓને પહેલેથી જ ઓળખે છે,બજારમા રબારી જાતીના ઘણા બધા મકાનો આવેલા છે. આજુબાજુના કોઈ માણસો ભેગા થયેલા ન હતા. આજુબાજુના માણસો આવી ગયા હોય અને તેઓને અને તેઓના પત્નીને છોડાવેલા હોય તેવુ બનેલુ નથી. બનાવ બાદ તેઓને પોલીસને મળવાનુ ક્યારેય થયેલ નથી. બનાવ બન્યો તે દીવસે પણ તેઓને પોલીસને મળવાનુ

બનેલુ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ જીવલેણ હુમલો થયાનુ કહે છે તેમા તેઓને પણ ઈજા થયેલી અને દુખાવો થયેલો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સારવારમા ગયેલો હતો,બનાવ સમયે તેઓ ઘરમા હતા અને દેકારો સાંભળીને બહાર ગયો હતો,તેઓ ઘરમાથી બહાર આવી તે પછી તરત કાળાભાઈએ તેઓને ઘરમા પરત લઈ લીધો હતા,તેઓ ઘરમાંથી બહાર આવ્યો તે પહેલા અને તેઓ ઘરમા ગયા તે પછી શુ બનેલુ તેની તેઓને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓના પત્નીને લાકડીથી મારેલા તેથી તેઓ લોહીલુહાણ થઇ ગયા હતા, આ જ હાલતમા તેઓના પત્નીને હોસ્પીટલે લઇ ગયા હતા,તેઓના આરોપીઓ વચ્ચે નેવાના પાણી બાબતે મનદુખ ચાલે છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓના પત્નીને કોઈ મારકુટ કરેલ નથી કે તેઓ મારા ઘરમા બેઠો હતો ત્યારે નળીયાની ફટાફટી થતા અમારા ઘરના બહાર જોવા ગયેલા, તે વખતે રાજાભાઈ વેજાભાઈ, હીતેષભાઈ રાજાભાઈ, હરેશભાઈ ભગવાનભાઇ, લીલીબેન રાજાભાઈ ત્યા હાજર હતા, તે વખતે આ લોકોએ મારા પત્ની સાજણબેન ઉપર આરોપીઓએ લાકડીથી હુમલો કરેલો, પછી દેકારો થતા તેઓ જોવા ગયેલો તે વખતે આરોપી રાજાભાઇ વેજાભાઈ તેઓની ડોકીએ ચોટી ગયેલો, બનાવ સમયે મારુ કરોડરજ્જુનુ ઓપરેશન કરેલુ અને તે આરોપી જાણતો હોય તેમ છતા તેઓ ઉપર જીવલેણ હુમલો કરેલ, બનાવ બાદ તેઓની પત્નીને ઈજા થતા તેઓનો મોટો દીકરો દાસાભાઇ ૧૦૮ મારફત દવાખાને લઇ ગયેલાની હકીકત તેઓએ ખોટી જણાવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કે તેઓના પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. આ સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૦. ૬).** જયારે આંક – ૨૮ થી સાહેદ જાદવભાઇ લાખાભાઇ કરમટાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૪/૫/૨૩ ના રોજ સાજના ૪ વાગ્યે સીડોમર મુકામે પોતાના મકાનની બાજુમા આવેલ શેરીમા બનેલ. બનાવ સમયે તેઓ પોતાની વાડીએ હતા. બનાવની જાણ તેઓના મોટાભાઈ દાસાભાઈનો તેઓને ફોન આવેલ અને કહેલ કે આરોપી રાજાભાઈ, હીતેશભાઈ, હરેશભાઈ અને લીલીબેન તેઓના મમ્મી પપ્પા ઉપર

હુમલો કરેલ. જેમા તેઓના મમ્મી પપ્પાને ઈજા થતા સારવાર માટે તેઓ લઈ જાય છે ત્યારબાદ તેઓ પોતાની વાડીએ થી ઘરે આવેલ અને ઘરેથી સરકારી દવાખાને આવતા તેઓની મમ્મીની સારવાર ચાલુ હતી. તેઓના મમ્મીને કપાળના ભાગે ઈજા થઈ હતી. બનાવમા એવુ બનેલ કે આરોપીનુ જે રેવન્યુ પ્રશ્ન હતો તે તેઓએ બનાવના દીવસે જ બપોરના સમયે તે પ્રશ્ન હલ કરી દીધેલ અને બનાવના દીવસે તેઓને પ્લાસ્ટર કરવાનુ હતુ અને તેઓને દીવાલ વચ્ચે જગ્યા મુકેલ ન હોય જેથી તેઓએ પ્લાસ્ટર કરવાની ના પાડતા તે બાબતનો બનાવના દીવસે સવારના વિવાદ થયેલો તે બનાવના અનુસંધાને બનાવ બનેલો. જેમા આરોપીઓએ તેઓના મમ્મી ઉપર લાકડી વડે હુમલો કરેલ અને આરોપી રાજાભાઈ અને હીતેશભાઈ તેઓના બાપુજી લાખાભાઈની ગરદને ચોટી ગયેલા. બનાવની પોલીસ ફરીયાદ બાદ પોલીસે તેઓના નિવેદન લીધેલ. આરોપીઓ પૈકી તમો આરોપીને જોયેથી ઓળખતા હોવાનું જણાવી  આરોપી નંબર ૨ નામદાર કોર્ટમા હાજર હોવાનું જણાવેલ છે. સદરહું સાહેદે એ.પી.પી.શ્રી તરફે કરવામાં આવેલ સરતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે આરોપીઓ તેઓના મમ્મી પપ્પાને મારતા હતા ત્યારે આજુબાજુ વાળાએ છોડાવેલ અને તે વખતે આરોપીઓએ કહેલ કે આજે તો તમે બચી ગયા હવે પછી હાથમા આવશો તો જાનથી મારી નાખીશુ.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા, ખરેખર બનાવ કેમ બનેલો તેની તેઓને કોઈ જાતમાહીતી નથી,તેઓની વચ્ચેના રેવન્યુ વિવાદ નો નિરાકરણ આવી ગયેલ હોય ઝગડાનુ કોઈ કારણ ન હતુ. આજુબાજુ વાળા કોઈ ભેગા થઈ ગયેલા તેના નામ તેઓ આપી શકે નહી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ સરતપાસમા જણાવેલ બનાવની જાણ મારા મોટાભાઈ દાસાભાઈનો તેઓને ફોન આવેલ અને કહેલ કે આરોપી રાજાભાઈ, હીતેશભાઈ, હરેશભાઈ અને લીલીબેન તેઓના મમ્મી પપ્પા ઉપર હુમલો કરેલ. જેમા તેઓના મમ્મી પપ્પાને ઈજા થતા સારવાર માટે તે લઈ જાય છે ત્યારબાદ તેઓ પોતાની વાડીએ થી ઘરે આવેલ અને ઘરેથી સરકારી દવાખાને આવતા તેઓના મમ્મીની સારવાર ચાલુ હતી. તેઓના મમ્મીને કપાળના ભાગે ઈજા થઈ હતી વાળી હકીકત ખોટી જણાવેલ છે. એ હકીકતનો

ઈન્કાર કરેલ છે કે તેઓએ પોતાની સરતપાસમા બનાવ સમયે આરોપીઓ તેઓના મમ્મી પપ્પાને મારતા હતા ત્યારે આજુબાજુ વાળાએ છોડાવેલ અને તે વખતે આરોપીઓએ કહેલ કે આજે તો તમે બચી ગયા હવે પછી હાથમા આવશો તો જાનથી મારી નાખીશુ વાળી હકીકત ખોટી જણાવેલ છે. આ સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૦.૭).** જયારે આંક – ૨૯ થી રજુ થયેલ સાહેદ દાસાભાઈ લાખાભાઈ કરમટાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ લગભગ ૪/૫/૨૩ ના રોજ સાંજના ૪ વાગ્યે સીડોકર ગામમાં તેઓના રહેણાક મકાના ડેલાના સામેના ભાગમા બનેલ. બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા ત્યારે તેઓ સફાઈ કામ કરતા હતા. તેઓના મમ્મી ઘરકામ કરતા હતા તથા તેઓના પપ્પા આરામ કરતા હતા. બનાવમા એવુ બનેલ કે તેઓના મકાનના નેવાના નળીયા આરોપીઓએ ઉડાડતા તેઓના મમ્મીને તે અવાજ આવતા તેઓના મમ્મી આરોપી રાજાભાઈ વેજાભાઈ, હીતેશભાઈ, હરેશભાઈ ભગવાનભાઇ તથા લીલીબેન રાજાભાઈને રોકવા માટે ગયેલા અને કહેલ કે નળીયા ઉતારશો તો પાણી અમારા મકાનમા પડશે. બનાવ સમયે આરોપીઓ એક સંપ કરીને તેઓના મમ્મીને મારવા માટે આવેલા. તે વખતે આરોપી હીતેશ રાજાએ તેઓના મમ્મીને માથામા લાકડી મારેલ અને હરેશ ભગવાને હાથમા લાકડી મારેલ અને તે વખતે તેઓના પપ્પાને અવાજ સંભળાતા તેઓ બહાર નીકળેલ. તે વખતે તેઓના પપ્પા ને ગરદનનુ ઓપરેશન કરાવેલ અને તે આરોપીઓને ખબર હતી. તેમ છતા આરોપી રાજા વેજાએ તેઓના પપ્પાની ગરદન પકડી લીધેલ અને આરોપી લીલીબેન તેઓના મમ્મી સાજણબેનને પછાડી દઈને ઢીકાપાટુથી મારા મારવા લાગેલા અને તે વખતે આજુબાજુના માણસો આવી જતા તેઓએ છુટા પાડેલ. બનાવમા તેઓના મમ્મી બેભાન જેવા થઇ ગયેલા અને માથામા લોહી નીકળતુ હતુ. જેથી તેઓએ ૧૦૮ ને ફોન કરેલ અને ૧૦૮ મારફત તેઓ તેમને સારવાર માટે સરકારી દવાખાને વેરાવળ લઇ આવેલ. બનાવ સમયે આરોપીઓ એકસંપ થઇને એવુ કહેતા હતા કે તમને હજી મારવાના છે અને મારી પણ નાખીએ અને અમે મારતા પણ આવીએ છીએ અને તમને મારી જ નાખવાના છે. આ બનાવ તેઓએ

નજરે જોયેલ. બનાવની ફરીયાદ તેઓના મમ્મી સરકારી દવાખાને આપેલ. પોલીસે તેઓની પુછપરછ કરેલી. આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવી આરોપી નં. ૨ નામદાર કોર્ટમાં હાજર હોવાનું જણાવેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના સામસામા બે મકાન આવેલા છે અને વચ્ચે ફળીયુ છે, હરેશનુ મકાન તેઓના મકાનની વચ્ચે નેવાવાળી જગ્યા આવેલ છે,તેની એક તરફની દીવાલે જાહેર બજાર આવેલ છે, બનાવ બનેલ ત્યારે તેઓ ઘરમા સાફસફાઈના કામમા વ્યસ્ત હતો, બજારમા એકદમ દેકારો થતા તેઓને સંભળાયેલ અને ત્યાં તેઓ ગયેલો, તેઓ ત્યાં પહોંચ્યો ત્યારે તેઓના મમ્મી સાજણબેન બેભાન હાલતમાં પડેલા હતા. ત્યાથી તેઓના મમ્મીને ડેલાની અંદર લીધા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બનેલ ત્યારે તેઓ ત્યાં પ્રત્યક્ષ રીતે હાજર ન હતો. બજારમા દેકારો થતા કેટલા માણસો ભેગા થઈ ગયેલા તે તેઓ ચોકકસ આંકડો આપી શકે નહી. આજુબાજુવાળા ત્યાં હતા તે બધાને તેઓ ઓળખે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમા કેટલાક મેળીયેથી જોતા હતા અને કેટલાક ત્યા બનાવવાળી જગ્યાએ આવીને જોતા હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે કાળા કાના આવ્યા હતા. તેઓના પિતાને પણ ગરદનમા દુખાવો થયો હશે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓના માતાને વાગેલ અને લોહી નીકળેલ અને કપડા પણ લોહી લુહાણ થઈ ગયા હતા. લોહી વાળા પહેરેલ કપડા તેઓના માતા સાજણબેન દવાખાને આવેલ હતા. બનાવ સમયે આરોપીઓ એક સંપ કરીને તેઓના મમ્મીને મારવા માટે આવેલા. તે વખતે આરોપી હીતેશ રાજાએ તેઓના મમ્મીને માથામા લાકડી મારેલ અને હરેશ ભગવાને હાથમા લાકડી મારેલ અને તે વખતે તેઓના પપ્પાને અવાજ સંભળાતા તેઓ બહાર નીકળેલ. તે વખતે તેઓના પપ્પા ને ગરદન નુ ઓપરેશન કરાવેલ અને તે આરોપીઓને ખબર હતી. તેમ છતા આરોપી રાજા વેજાએ તેઓના પપ્પાની ગરદન પકડી લીધેલ અને આરોપી લીલીબેન તેઓના મમ્મી સાજણબેનને પછાડી દઈને ઢીકાપાટુથી મારા મારવા લાગેલા અને તે વખતે આજુબાજુના માણસો આવી જતા તેઓએ છુટા પાડેલ. બનાવમા તેઓના મમ્મી બેભાન જેવા થઈ ગયેલા અને માથામા લોહી નીકળતુ હતુ. જેથી તેઓએ ૧૦૮ ને

ફોન કરેલ અને ૧૦૮ મારફત તેઓ તેમને સારવાર માટે સરકારી દવાખાને વેરાવળ લઇ આવેલ. બનાવ સમયે આરોપીઓ એકસંપ થઇને એવુ કહેતા હતા કે તમને હજી મારવાના છે અને મારી પણ નાખીએ અને અમે મારતા પણ આવીએ છીએ અને તમને મારી જ નાખવાના છે. આ સિવાયની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦.૮). જયારે આંક – ૩૨ થી રજુ થયેલ સાહેદ કાળાભાઇ કાનાભાઇ ચોપડાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી. પરંતુ બનાવ આશરે છ સાત મહીના પહેલા સીડોકર ગામની બજારમા બપોરના સમયે બનેલ. બનાવનો ચોકકસ સમય તેઓને યાદ નથી. બનાવ સમયે તેઓ પોતાની વાડીએથી ઘર તરફ આવતા હતા ત્યારે બનાવવાળી જગ્યાએ પહોંચતા રાજાભાઇ લાખાભાઈ તથા તેનો દીકરો દેવો તથા નામ.કોર્ટમા જે આરોપી હાજર છે તેમનુ નામ પુછતા પોતાનુ નામ હીતેશભાઇ હોવાનુ જણાવે છે. બનાવ સમયે તેઓ એક બીજા પથ્થરા ઉલાળતા હતા અને સાજણબેનને આંખના નેણના ભાગે ઈજા થયેલ હતી, અને તેઓએ તેમને છુટા પાડેલા અને ઘરે મોકલેલા. બનાવ તેઓએ નજરે જોયેલો. આ બનાવ બનવાનું કારણ શું હતુ તેની તેઓને ખબર નથી. બનાવની પોલીસ ફરીયાદ થતા પોલીસે તેઓનું નીવેદન લીધેલુ. આ સિવાય તેઓ બીજું કાંઇ જાણતા નથી.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ ભરબજારમાં બનેલો અને આજુબાજુના માણસો ત્યાં ભેગા થઇ ગયા હતા, સામસામા પથ્થરા ઉલાળતા હતા તે સિવાય બીજું કાંઇ બનેલ નથી, કોણ કોની સાથે શું ઉલાળતુ હતુ તેની તેઓને ખબર નથી, તેઓએ ટોળુ વીખેરી સૌ સૌને પોતાના ઘરે જવાની સલાહ આપેલી.

(૧૦.૯). જયારે આંક – ૩૩ થી રજુ થયેલ સાહેદ જગદીશભાઇ હમીરભાઇ મકવાણાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા.૪/૫/૨૦૨૩ ના રોજ બનેલ. બનાવ કઈ જગ્યાએ અને કેટલા વાગ્યે બનેલ તેની તેઓને ખબર નથી. બનાવ સમયે તેઓ ગોરખમઢી

ગામે હતા ત્યારે તેઓને પોતાના સાળા દાસાભાઈનો ફોન આવેલો અને વાત કરેલી કે,મારા મમ્મીને ૧૦૮ ધ્વારા સરકારી દવાખાને લાવ્યે છીએ તમો સરકારી દવાખાને આવો જેથી તેઓ આશરે એક કલાકના સમયગાળા દરમ્યાન સરકારી હોસ્પીટલે પહોચેલ ત્યારે તેઓના સાસુ સાજણબેન સારવાર ચાલુ હતી અને તેઓને માથામા તેમજ આંખ ઉપર નેણના ભાગે ઈજા થયેલ હતી. બનાવ બાબતે તેઓના સાસુ ને પુછતા તેઓએ કહેલ કે આજુબાજુ વાળાએ માર મારેલ છે. કયા કારણોસર અને કોણે માર મારેલ છે તેની તેઓને ખબર ન હોવાનું જણાવી બનાવ સબંધે તેઓને અન્ય કોઈ વ્યકિત સાથે વાતચીત થયેલ ન હોવાનું જણાવેલ છે. તેઓના સાસુએ એક દીવસ સરકારી હોસ્પીટલમા સારવાર લીધેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. બનાવની ફરીયાદ કોણે આપેલી તેની તેઓને ખબર નથી. આરોપીને તેઓ જોયેથી ઓળખી શકે નહી તેમ જણાવેલ છે.

સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે અને પુછવામાં આવેલ સચુક પ્રશ્નોન જવાબમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ નળીયા ઉતારવા બાબતે બનેલ.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે તેઓ હોસ્પીટલે ગયેલા ત્યારે જ પોલીસે તેઓની પુછપરછ કરેલ હતી, તેઓ સાજણબેનના સગા જમાઈ થાય છે.

**(૧૦.૧૦).** જયારે આંક – ૪૧ થી ડો.સાહેદ ડો. નીરવ વ્રજલાલ વૈશ્નાણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૦૪/૦૫/૨૦૨૩ નાં રોજ સરકારી હોસ્પીટલ વેરાવળ ખાતે મેડીકલ ઓફીસર તરીકે પોતાની ફરજ પર હાજર હતા આ દિવસે સાંજનાં ૦૫:૩૫ કલાકે સાજણબેન લાખાભાઈ કરમટા ઉ.વ.૬૦ રહેવાસી સીડોકરવાળા તેઓની પાસે સારવાર માટે તેમનાં સંબંધી લઈને આવેલા તેઓને પુછતા તેમને જણાવેલ કે, સાંજના ૦૪:૪૦ કલાકે સીડોકર ગામમાં હીતેશભાઈ આર.કરમટા, હરેશભાઈ બી. કરમટા, રાજાભાઈ વી.કરમટા, ભગવાનભાઈ ડી.કરમટા નામના શખ્સોએ લાકડી વડે મારી પર હુમલો કરેલ. તેઓને

તપાસતાં તેમને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. ઈજા નંબર- (૧) કપાળની જમણી બાજુએ ૧ x ૧ સેમી છોલાયેલું નીશાન જોવા મળેલ.ઈજા નંબર-(૨) જમણા ખભા પર દુ:ખાવાની ફરીયાદ કરેલ. ઉપરની બંને ઈજાઓ સાદી અને તાજી હતી તથા સખત અને બોથડ પદાર્થ વડે સંભવી શકે તેવી હતી. જો કોઈ પણ જાતના કોમ્પલીકેશન ના થાય તો બે થી ત્રણ દિવસમાં રૂજાય જાય તેવી હતી. તેઓએ તેમને જમણા ખભાનો એકસ-રે તથા મગજનો સીટી સ્કેન કરવાનું કહેલું. દર્દીને તેઓએ સારવાર આપેલી. તેઓએ પોતાના સ્વહસ્તાક્ષરમાં ઓપીડી તેમજ એમ.એલ.સી પેપર્સ તૈયાર કરેલા. જે તેઓ સાથે લાવેલ હોવાનું જણાવી ઓ.પી.ડી કેસ નં.૪૫૯૨૧ તથા એમ.એલ.સી કેસ નં.૪૨૧/૨૩ રજુ કરેલ છે જેમા નીચે પોતાની સહી તથા હોદદો લખાયેલ હોવાનું જણાવી જે બંને આંક – ૪૨ તથા આંક –૪૩ થી રજુ કરેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સાજણબેન તેમના સબંધી સાથે તેઓની પાસે સારવાર માટે આવેલા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારે હીસ્ટ્રીમાં જે નામો લખાવેલ છે તે તેઓના રૂબરૂ લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, માલધારી લોકો પોતાના રહેણાંકે ઢાળીયુ બનાવીને માલઢોર સાથે રાખતા હોય છે,ગાય કે ભેંસના ઢીંક મારવાથી જે ઈજા થઇ શકે તેવા પ્રકારના ઉપરોકત ઈજાઓ હતી.

**(૧૦.૧૧).** જયારે આંક – ૪૮ થી ત.ક.અ. લખમણભાઇ માલાભાઇ નાગસે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૫/૨૦૨૩ નાં રોજ તેઓ પોતાની ફરજ પર પ્રભાસપાટણ પો.સ્ટેશનમાં હાજર હતા ત્યારે પ્રભાસપાટણનાં ડીઓ નં.૨૧૦/૨૦૨૩ નાં કામની તપાસ તેઓને આપવામાં આવેલ. જે કામે તેઓ વેરાવળ સરકારી હોસ્પીટલમાં જઈ મારામારીમાં ઈજા પામનાર સાજણબેન લાખાભાઈ કરમટા જાતે રબારી ઉ.વ.૬૦ રહેવાસી સીડોકરવાળાનું તેઓના રૂબરૂ ફરીયાદ કરતા જણાવેલ કે,'' આજરોજ અમો કલાક-૦૪:૦૦ વાગ્યે હાજર હોય તે દરમ્યાન અમારા પાડોશમાં રહેતા રાજાભાઈ વેજાભાઈ કરમટા તથા હીતેશભાઈ

રાજાભાઈ કરમટા તથા હરેશભાઈ રાજાભાઈ કરમટા તથા લીલીબેન રાજાભાઈ કરમટા તેઓ ચારેય જણા મારા મકાનનાં નળીયા ઉતારવા લાગેલ જેથી મેં ના પાડેલ અને તમારા નળીયાનું પાણી અમારા ફળીયામાં આવે છે તેવી ધમકી મારેલ અમોએ નળીયા ઉતારતા રોકતા ચારેય જણા ઉશ્કેરાય જઈ હીતશેભાઈ રાજાભાઈનાં હાથમાં રહેલી લાકડી અમોને જમણા કાંડા પર મારેલ તથા હરેશભાઈનાં હાથમાં રહેલ લાકડી અમોને કપાળનાં ભાગે જમણી આંખનાં નીચે મારેલ જેથી અમોએ રાડારાડી કરતાં અમારા પતિ લાખાભાઈ વચ્ચે પડતાં તેમને રાજાભાઈ ગળે ચોંટી ગયેલ અને ત્રણ જણાએ અમોને ઢીકાપાટુનો માર મારેલ જેથી અમો સારવાર હેઠળ આવેલ છીએ''.તેવી ફરીયાદ આપતાં ફરીયાદ લઈ ગુન્હો દાખલ કરવા તેઓએ પ્રભાસપાટણ પો.સ્ટેશને પીએસઓને આપેલ. જેથી પ્રભાસપાટણ પો.સ્ટેશનનાં ગુ.ર.નં.૦૨૧૯/૨૦૨૩ આઇ.પી.સી.ની કલમ-૩૨૩, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેઓ તરફ આપેલી જેથી તેઓએ તપાસ સંભાળેલી. જેથી તેઓ બે પંચોને સાથે રાખી બનાવવાની જગ્યાનું પંચનામું કલાક-૧૦:૦૦ થી ૧૦:૩૦ સુધી કરવામાં આવેલ ત્યારબાદ તે જ દીવસે કલાકે-૧૩:૦૦ ના રોજ ઉપરોકત ચારેય આરોપીઓ પોલીસ સ્ટેશને આવી સ્વખુશી હાજર થતાં બે પંચોને સાથે રાખી કલાક-૧૩:૦૦ થી ૧૩:૩૦ સુધીનું અટક પંચનામું કરવામાં આવેલ જેમાં આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાંઓએ ગુન્હાનાં કામે ઉપયોગ કરેલ હથીયાર લાકડી રજુ કરતાં મુદામાલ પાવતી નં.૪૨/૨૩ થી નોંધેલ. ત્યારબાદ લાગતાં-વળગતાં સાહેદોનાં નીવેદન લેવામાં આવેલ તેમજ ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસનાં સાધનીક કાગળોમાં સામેલ રાખેલ. ત્યારબાદ ડીસ્ટ્રીકટ મેજી.શ્રીનું જાહેરનામું અમલમાં હોય જાહેરનામાની નકલ મેળવી તપાસમાં સાધનીક કાગળોમાં સામેલ રાખેલ. સદર ગુન્હાની પુરતી તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ. તા.૦૪/૦૫/૨૦૨૩ નાં રોજ તેઓને મળેલ ડી.ઓ નં.૨૧૦/૨૩ અસલ રજુ કરેલ હોવાનું જણાવી આંક – ૪૯ થી રજુ કરેલ છે. સદર ગુન્હાની તપાસ પી.એસ.ઓ.એ તેઓને સોંપેલ જે તપાસનો હુકમ આંક – ૫૦ થી રજુ કરેલ છે. તેઓને આંક-૧૨ વાળી અસલ

ફરીયાદ બતાવાવમાં આવે છે જે ફરીયાદ તેઓના રૂબરૂની છે નીચે મુળ ફરીયાદીનાં અંગુઠાનું નીશાન છે જે ફરીયાદ તેઓએ લીધેલ હોય તે જ હોવાનું જણાવેલ છે. તેઓને પ્રભાસપાટણ પો.સ્ટેશનનાં ગુ.ર.નં. ૨૧૯/૨૦૨૩ ની એફ.આઇ.આર બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.ઓ તરીકે શ્રી કે.એન.જાદવની સહી છે જે તેઓએ ઓળખી બતાવી આંક –૫૧ થી રજુ કરેલ છે. તેઓને આંક–૨૨ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે પંચનામું સદર ગુન્હાની તપાસ દરમ્યાન તેઓએ કરેલ હોય તે જ હોવાનું જણાવી જેની અસલ નકલ રજુ કરતા હોવાનું જણાવેલ છે. તેઓને આંક–૨૪ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે પંચનામું સદર ગુન્હાની તપાસ દરમ્યાન તેઓએ કરેલ હોય તે જ હોવાનું જેની અસલ નકલ રજુ કરતા હોવાનું જણાવેલ છે. તેઓને આંક–૪૩ વાળું એમ.એલ.સી સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે મેડીકલ ઓફીસરશ્રી પાસેથી અસલ મેળવી તપાસનાં સાધનીક કાગળોમાં સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી અસલ રજુ કરેલ હોવાનું જણાવેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન ડીસ્ટ્રીકટ મેજી.શ્રીનું જાહેરનામું અમલમાં હોય તેની એક નકલ તપાસનાં સાધનીક કાગળોમાં સામેલ રાખેલ હોય તેની અસલ પરથી ખરીનકલ આંક– ૫૨ થી રજુ કરેલ છે. આરોપીઓ પૈકી તમો આરોપીને જોયેથી ઓળખતા હોવાનું જણાવેલ છે.

જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની ફરીયાદ તેઓએ લીધેલી અને તપાસ પણ તેઓએ કરેલી, ફરીયાદ પોલીસ સ્ટેશને લેવામાં આવેલ નથી,મુદામાલ લાકડી સામાન્ય રીતે રબારી સમાજનાં માણસો પોતાના ઘરમાં રાખતા હોય તેમજ બજારમાંથી સહેલાઇથી મળી શકે. ફરીયાદી તથા આરોપીઓ બંને કુટુંબીઓ થાય છે, એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, મુદામાલ લાકડી આરોપીઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાનું પંચનામું તેઓની રૂબરૂમાં કરેલું અને તેઓ સ્થળ પર ગયેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે જે મેઇન બજાર અને ત્યાં ઘણા રહેણાંક મકાનો આવેલા છે, દેવા મૈયા, ભાયા નાજા, હેજા મૈયા, જીવા અરજણ આ તમામ લોકો પોતાના પરીવાર સાથે રહે છે અને તેમનાં નીવેદન તેઓએ લીધેલ નથી, બનાવ સમયે ઘણા માણસો ભેગા થઈ ગયેલા.

એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોનાં નીવેદનો લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને ફરીયાદી વચ્ચે બાપ–દાદાનાં સમયથી નેવાનાં પાણી બાબતે ઝઘડો ચાલતો હતો, જાહેરનામાની નકલ તેઓએ કલેકટરશ્રીની ઓફીસમાંથી મેળવી તપાસનાં સાધનીક કાગળોમાં સામેલ રાખેલ, જાહેરનામાની પ્રસિધ્ધી નિયમ મુજબ થયેલી છે કે કેમ તેની તેઓને ખબર નથી.

**(૧૧).** હાલના કામે ફરીયાદ પક્ષ દવારા પોતાનો કેસ સાબિત કરવા માટે રેકર્ડ ઉપર રજુ કરેલ સંપુર્ણ પૂરાવો વંચાણે લેતા તેમજ આ કામે ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીઓ હરેશ ભગવાન, રાજાભાઈ વેજાભાઈ, નાજા હિતેશ અને લીલીબેને તેણીને લાકડીથી માર મારેલ. બનાવ સમયે હરેશભાઈ અને હિતેશભાઈ રાજાભાઈના હાથમાં લાકડી હતી. જેના વડે તેણીને કપાળમાં મારેલું. તેણીને કપાળમાં ઈજા થતા તમ્મર ચડી ગયેલી. ત્યારે તેણીના ઘરમાં તેણીના ઘરવાળા હાજર હોય તેઓ દોડીને આવતા આરોપી – રાજા વેજા તેણીના ઘરવાળાને ગળે(ગરદને) ચોટી ગયેલ અને કહેલ કે તને મારી નાખવો છે અને ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ત્યારબાદ હિતેશ રાજા તેણીના ઘરવાળાને ગળે (ગરદને) ચોટી ગયેલા. વધુમાં તેઓએ ડોકટર સમક્ષ કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી તેવુ જણાવેલ છે તેમજ તેઓએ મોતીયો હોવાથી મુદામાલ લાકડી તેઓ ઓળખી શકે નહી.

જયારે ડોકટરશ્રીની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, ફરીયાદીએ તેમના સમક્ષ હીસ્ટ્રી લખાવેલ છે. જેથી ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે રાજાભાઈ વેજાભાઈ, નાજા હિતેશ અને લીલીબેને તેણીને લાકડીથી માર મારેલ. બનાવ સમયે હરેશભાઈ અને હિતેશભાઈ રાજાભાઈના હાથમાં લાકડી હતી. જેમાં પણ વિસંગતતા જણાય આવે છે. વધુમાં ફરીયાદીએ મુદામાલ હથીયાર લાકડી ઓળખી બતાવેલ નથી. જયારે મહત્વપુર્ણ સાહેદ કાળાભાઈ કાનાભાઈ ચોપડાનાએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ વાડીએથી ઘરે જતા હતા ત્યારે આરોપીઓ તથા ફરીયાદી પક્ષના માણસો સામસામે પત્થરો

ઉડાડતા હતા અને ફરીયાદીને ઈજા થયેલી. જેથી આ સાહેદ કે જેઓ બનાવ સમયે ત્યાંથી પસાર થતા હતા તેની જુબાની પરથી એ હકિકત રેકર્ડ પર આવે છે કે આરોપી તથા ફરીયાદ પક્ષના માણસો સામસામે પત્થરો ઉડાડતા હતા. આ સાહેદે કોઈના હાથમાં લાકડી હતી કે કેમ તે બાબતે કોઈ હકિકત જણાવેલ નથી.

સાહેદ લાખાભાઈ કાનાભાઈ કરમટાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અભણ છે બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા સીડીકર ગામની બજારમાં તેઓના રહેણાક મકાનની સામે બપોર પછી બનેલો. બનાવ સમયે તેઓ પોતાના ઘરમા બેઠા હતા ત્યારે નળીયાની ફટાફટી થતા તેઓના ઘરના બહાર જોવા ગયેલા. તે વખતે રાજાભાઈ વેજાભાઈ, હીતેષભાઈ રાજાભાઈ, હરેશભાઈ ભગવાનભાઈ, લીલીબેન રાજાભાઈ ત્યા હાજર હતા. તે વખતે આ લોકોએ તેઓના પત્ની સાજણબેન ઉપર આરોપીઓએ લાકડીથી હુમલો કરેલો. પછી દેકારો થતા તેઓ જોવા ગયેલો તે વખતે આરોપી રાજાભાઈ વેજાભાઈ તેઓની ડોકીએ ચોટી ગયેલો.

સાહેદ જાદવભાઈ લાખાભાઈ કરમટાએ બનાવ બાબતે વાત કરેલી છે અને આરોપીઓએ તેમની માતાને માર મારેલાની હકિકત જણાવેલ છે. પરંતુ આ સાહેદે બનાવ નજરે જોયેલો નથી. બનાવ સમયે આ સાહેદ વાડીએ હતા જેથી તેઓ નજરે જોનાર સાહેદ નથી. આ સાહેદને બનાવ વીશે અન્ય કોઈએ વાત કરેલી અને તેના પરથી તેઓએ જુબાની આપેલી હોય તેવુ જણાય આવે છે.

સાહેદ દાસાભાઈ લાખાભાઈ કરમટાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા ત્યારે તેઓ સફાઈ કામ કરતા હતા. તેઓએ ફરીયાદીની જુબાનીને સમર્થન આપેલ છે અને આરોપીઓએ તેમની માતાને માર મારેલાની હકિકત જણાવેલ છે. પરંતુ, આ સાહેદે ઉલટ તપાસમાં એવુ સ્વીકારેલ છે કે બનાવ સમયે તેઓ ઘરમાં હતા અને સફાઈ કામ કરતા હતા, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

સાહેદ કાળાભાઈ કાનાભાઈ ચોપડા કે જેઓ મહત્વના સાહેદ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ વાડીએથી ઘરે જતા હતા ત્યારે આરોપીઓ તથા ફરીયાદી પક્ષના માણસો સામસામે પત્થરો ઉડાડતા હતા.

સાહેદ જગદીશભાઈ હમીરભાઈ મકવાણાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા.૪/૫/૨૦૨૩ ના રોજ બનેલ. બનાવ કઈ જગ્યાએ અને કેટલા વાગ્યે બનેલ તેની તેઓને ખબર નથી. બનાવ સમયે તેઓ ગોરખમઢી ગામે હતા ત્યારે તેઓને પોતાના સાળા દાસાભાઈનો ફોન આવેલો અને વાત કરેલી. આ સાહેદે પણ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ વીશે તેમને ફોન દવારા જાણ થયેલી.

જયારે ડોકટરશ્રીએ તેમની જુબાનીમાં એવુ જણાવેલ છે કે ફરીયાદીને તેમની પાસે સારવાર માટે લાવેલા અને તેઓને સામાન્ય ઈજાઓ થયેલી અને બંને ઈજાઓ સાદી અને તાજી હતી તથા સખત અને બોથડ પદાર્થ વડે સંભવી શકે તેવી હતી. જો કોઈ પણ જાતના કોમ્પલીકેશન ના થાય તો બે થી ત્રણ દિવસમાં રૂજાય જાય તેવી હતી. ડોકટરશ્રીની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે ગાય–ભેસ જો સીંગડુ મારે તો આ પ્રકારની ઈજા થઈ શકે.

જયારે હાલના કામે આંક – ૨૧ થી રજુ થયેલ પંચ સાહેદે આંક –૨૨ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. સદરહું પંચ સાહેદે પોતાના પુરાવામાં આંક – ૨૨ થી રજુ થયેલ પંચનામામાં પોતાની પંચ તરીકે સહી ઓળખી બતાવી માથાકુટ બાબતનું પંચનામું હોવાનું જણાવી માથાકુટ કયા કારણે થયેલ તેની તેઓને ખબર ન હોવાનું તેમજ તેઓએ કોઈ નોંધ કરાવી હોય અને પોલીસે નોંધ કરેલ હોય તેવુ કઈ બનેલ ન હોવાનું અને પોલીસે પંચનામું લખીને તેઓને સહી કરવાનું કહેતા તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. જયારે આંક – ૨૩ તથા આંક – ૨૫ થી રજુ થયેલ પંચ સાહેદોએ આંક – ૨૪ વાળા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને બંને પંચોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી મહત્વપુર્ણ સવાલો ઉલટતપાસમાં પુછવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી. તેમજ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજું કઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. જેથી સદરહું કામે આંક – ૨૨ તથા આંક – ૨૪ થી રજુ થયેલ પંચનામાઓની હકીકતોને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ ન હોય પંચનામાઓ પુરવાર થયેલ માની શકાય નહી.

**(૧૨).** આમ પુરાવાનું મુલ્યાંકન એકી સાથે કરવામાં આવે તો ફરીયાદી અને આરોપીઓ વચ્ચે લાંબા સમયથી પાથીના નેવા બાબતે ઝઘડો ચાલ્યો આવે છે. આ કામે ફરીયાદી એક માત્ર ઈજા પામનાર છે. ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ માર મારેલાની હકિકત જણાવેલ છે અને આરોપીઓએ લાકડીથી માર મારેલાની હકિકત જણાવેલ છે પરંતુ મુદામાલ લાકડી તેઓએ ઓળખી બતાવેલ નથી. વધુમાં ફરીયાદીના પતિ કે જેઓ પણ બનાવ સમયે ઘરે હાજર હતા અને તેઓએ આરોપીએ તેમના પત્નીને લાકડી વડે માર મારેલાની તથા જીવલેણ હુમલો કરેલાની હકિકત જણાવેલ છે. જયારે અન્ય સાહેદો કે જેમાં ફરીયાદીના બે દિકરા છે તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેવી હકિકત જણાવેલ છે. જયારે આ કામે ડોકટરશ્રીની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે ફરીયાદીને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી અને ગાય-ભેસ સીંગડુ મારે તો આ પ્રકારની ઈજાઓ થઇ શકે. જયારે આ કામે મહત્વપુર્ણ સાહેદ કાળાભાઈ કાનાભાઈ ચોપડા કે જેઓ નજરે જોનાર સાહેદ છે અને સ્વતંત્ર સાહેદ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તેમની વાડીએથી ઘર બાજુ જતા હતા ત્યારે તેઓ બનાવ સ્થળ પાસેથી પસાર થતા હતા ત્યારે આરોપીઓ તથા ફરીયાદ પક્ષના લોકો સામે સામા પત્થરો ઉલાળતા હતા અને સાજણબેનને આંખના નેણના ભાગે ઈજા થયેલી અને તેઓએ બંને પક્ષોને છુટા પાડેલા. વધુમાં ઉલટતપાસમાં તેઓએ તેમણે સ્વિકારેલ છે કે, બંને પક્ષો સામ સામા પત્થરો ઉલાળતા હતા તે સીવાય બીજુ કંઈ બનેલ નહી. આમ આ કામે ફરીયાદી તેમના પતી તથા સાહેદ કાળાભાઈ આ ત્રણ સાહેદો નજરે જોનાર સાહેદો છે જે પૈકી ફરીયાદી તથા તેમના પતી બંને રસ ધરાવતા સાહેદો છે અને તેઓને આરોપીઓ સાથે બાપ દાદાના સમયથી ઝઘડો ચાલે છે તે હકિકત રેકર્ડ પર આવેલ છે. જયારે ત્રીજા નજરે જોનાર સાહેદ કાળાભાઈ કે જેઓ સ્વતંત્ર સાહેદ છે તેમણે ફરીયાદી તથા તેમના પતીની જુબાનીથી વિપરીત હકિકતો જણાવેલ છે અને બંને પક્ષો સામ સામે પથ્થરો ઉલાળતા હતા તેવી હકિકત જણાવેલ છે. જેથી કાળાભાઈની જુબાનીથી ફરીયાદપક્ષના કેસની હકીકતો પર શંકાના વાદળો ઉપજે છે. અને જયારે શંકા ઉપસ્થિત થાય ત્યારે શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે.

**(૧૩).** નામદાર ગુજરાત હાઈકોર્ટે **Pravinbhai Becharbhai Patel Vs. State of Gujarat – reported as 2007(1) GLH 337** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> **"So far as to section 506(2) is concerned, the threat must cause alarm in the mind of the person threatened "**

આમ નામદાર વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીઓને ઈ.પી.કો.કલમ- ૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દો આરોપી બોલેલ હોય તે શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. આમ, દરેક પ્રકારની જાનથી મારી નાખવાની ધમકી ભારતીય દંડ સંહીતાની કલમ- ૫૦૬(૨) મુજબ સજા પાત્ર નથી. જાનથી મારી નાખવાની ધમકી મળ્યા પછી ફરીયાદી કે સાહેદ ખરેખર પોતાના જાનનું જોખમ અનુભવતા હતા અને તેના કારણે તેઓએ તેની દૈનિક ક્રિયાઓમાં કોઈ ફેરફાર કરેલ હતો તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને ફકત એટલુ જ કથન કરી દેવાથી કે આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેનાથી ૫૦૬(૨) નો ગુન્હો પુરવાર થઈ જતો નથી. હાલના કામે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આક્ષેપીત ગુન્હાના તત્વો પુરવાર થતા ન હોય ઈ.પી.કો.કલમ- ૫૦૬(૨) મુજબનો ગુન્હો પુરવાર થતો નથી.

**(૧૪).** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **Kailash Gour and Ors Vs. State of Assam – reported as AIR 2012 SC 786** ના કેસમાં ઠરાવેલ છે કે,

> " It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused ' may have

> committed the offence ' and ' must have committed the offence ' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as human right which cannot be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court observed: " Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India "

**(૧૫).** વધુમાં આ કામે આરોપીઓ વિરૂદ્ધ જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો આક્ષેપાયેલ છે. જેથી આરોપીઓ વિરૂદ્ધના જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાના આક્ષેપો ધ્યાને લેવામાં આવે તો, હાલના કામે મુદમાલ તરીકે રજુ થયેલ લાકડી બાબતે જોઈએ તો, ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, આ કામના આરોપીઓના હાથમાં લાકડી હતી પરંતુ ફરીયાદીએ તેમની જુબાનીમાં તેઓને મુદામાલ લાકડી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી તેવુ જણાવેલ છે. વધુમાં આ કામે મુદામાલ કબજે લીધેલ પંચનામાના પંચોની જુબાની ધ્યાને લેતા તેઓએ પણ મુદામાલ લાકડી તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવેલ છે. જેથી આરોપીઓએ મે.જીલ્લા મેજી.સા.ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી હકીકત સાબીત થતી નથી. આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપાયેલ જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૬).** આમ,નામદાર સર્વોચ્ચ અદાલતે અને નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપર જણાવેલ ચુકાદાઓમાં સ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા તથા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતા આરોપીઓએ ફરીયાદીના ઘરના નળીયા ઉતારતા હોય જેથી ફરી.એ ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ આરોપી નં. ૨ પાસે રહેલ લાકડી ફરી.ને જમણા હાથના કાંડા ઉપર મારી તથા આરોપી નં. ૩ પાસે રહેલ લાકડી ફરી.ને કપાળના ભાગે જમણી

આંખ ઉપર મારી ઈજા કરી તેમજ સાહેદ નં. ૬ વચ્ચે પડતા આરોપી નં. ૧ નાએ સાહેદ નં. ૬ ની ગળકીયે ચોટી જઈ આરોપી નં.૧ થી ૪ નાઓએ ફરી.ને શરીરે ઢીકાપાટુંનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી.સા.ગીરસોમનાથના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાએ મદદગારી કરી આરોપીઓએ આઇ.પી.સી.કલમ–૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોય તેવું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. આમ ફરીયાદપક્ષ તેમનો કેસ રેકર્ડ ઉપર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવેડેલ હોય તેવુ રેકર્ડ જોતા સ્પષ્ટપણે ફલીત થાય છે તે સંજોગોમાં આરોપીઓને હાલના ગુન્હામાં દોષિત ઠરાવી શિક્ષા કરવાનું યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ'' નકારમા'' આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

**(૧)...** આ કામના આરોપી (૧) રાજાભાઈ વેજાભાઈ કરમટા જાતે રબારી,ઉ.વ.૫૦, રહે. સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ.(૨) હીતેશભાઈ રાજાભાઈ કરમટા જાતે રબારી,ઉ.વ.૨૯, ધંધો– પ્રા.નોકરી,રહે. સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ.(૩) હરેશભાઈ ભગવાનભાઈ કરમટા જાતે રબારી,ઉ.વ.૨૭, ધંધો– વેપાર,રહે. સીડોકર ગામ, મોમાઈ ડેરીની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ.(૪) લીલીબેન વા/ઓ. રાજાભાઈ વેજાભાઈ કરમટા જાતે રબારી,ઉ.વ.૪૮, ધંધો– ઘરકામ,રહે સીડોકર ગામ, અલ્ફારૂ સ્કુલની બાજુમાં, તા.વેરાવળ જી.ગીરસોમનાથ વાળાને ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૪૮(૧) હેઠળ ભારતીય દંડ સંહીતાની કલમ– આઇ.પી.સી.કલમ–૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકાવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)...**પ્રત્યેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટેના રૂા. ૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ

હજાર પુરાના જામીન રજુ કરેલ છે. સદર જામીન ૬(છ) મહીના સુધી અમલમાં રહેશે.

**(૩)..** આ કામે મુદામાલ પાવતી નં. ૪૨/૨૩ થી રજુ થયેલ મુદામાલ લાકડીઓ નંગ– ૨ નો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૦ મી, માહે– એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date : 10-04 -2026**
**વેરાવળ.**

**(MR. H.J.VASAVDA)**
**4TH ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
**AT ,VERAVAL GIR SOMNATH**
**Judge Code GJ01386**

Visit **ecourts.gov.in** for updates or download mobile app "**eCourts Services**" from Android or iOS